BUSINESS મિત્ર

બજાજ હાઉસિંગ ફાઇનાન્સનો આઇપીઓ 3 લાખ કરોડથી વધુના સબસ્ક્રીપ્શન સાથે ટોચ પર, ઇસ્યુ 67 ગણાથી વધુ છલકાયો

બજાજ હાઉસિંગના આઈપીઓએ રેકોર્ડ કર્યો, રૂ. 3 લાખ કરોડથી વધુની બિડ્સ

ઈશ્યુ 67 ગણો છલકાયો, અગાઉ કોલ ઈન્ડિયા લિમિટેડ (2008) અને મુંદ્રા પોર્ટ (2007)ના આઈપીઓએ સબસ્ક્રિપ્શન રકમમાં 2 લાખ કરોડ રૂપિયાની બિડ્સ મળી હતી

બજાજ હાઉસીંગ ફાઇનાન્સના ઇસ્યુમાં સૌથી વધુ ક્યુઆઇબીની બીડ મળી, ગ્રે બજારમાં પ્રીમિયમ 100 ટકાને પાર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 11: બજાજ હાઉસિંગ ફાઈનાન્સ આઈપીઓના આજે અંતિમ દિવસે ખૂબજ સારો પ્રતિસાદ સાંપડ્યો છે અને છેલ્લા આંકડા અનુસાર કંપનીનો આઈપીઓ 67 ગણાથી વધુ છલકાયો છે. જેમાં સૌથી વધુ ક્યુઆઈબીએ બીડ ભરી હોવાના અહેવાલ સામે આવી રહ્યા છે. કંપનીએ સબ્સ્ક્રિપ્શન રકમમાં રૂ. 3 લાખ કરોડથી વધુનું ટોચનું સ્થાન મેળવ્યું છે.

બજાજ હાઉસીંગ ફાઇનાન્સના રૂ. 6560 કરોડના આઈપીઓને સાંજે પાંચ વાગ્યા સુધીમાં બીએસઈ અને એનએસઈ બંનેમાં 72.75 કરોડ શેરની ઓફર સામે 4622 કરોડથી વધુ શેર માટે બિડ મળી છે. આ સાથે, જાહેર ઈશ્યૂ માટે કુલ બિડ રકમ 3 લાખ કરોડ રૂપિયાથી વધુની ટોચ પર પહોંચી ગઈ છે, આ અગાઉ કોલ ઈન્ડિયા લિમિટેડ (2008) અને મુંદ્રા પોર્ટ (2007)ના આઈપીઓએ સબસ્ક્રિપ્શન રકમમાં 2 લાખ કરોડ રૂપિયાની ટોચ પર પહોંચી હતી.

બજાજ હાઉસિંગ ફાઈનાન્સ આઈપીઓમાં નોન-ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર્સ માટે બનાવવામાં આવેલા હિસ્સામાં 41.42 ગણો સબસ્ક્રાઈબ થયો છે. ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (ક્યુઆઈબી) ક્વોટાને લગભગ 209.36 ગણું સબ્સ્ક્રિપ્શન મળ્યું છે. રિટેલ ઈન્ડિવિડ્યુઅલ ઈન્વેસ્ટર્સ (આરઆઈઆઈ) માટેના ક્વોટામાં લગભગ 6.92 ગણું સબ્સ્ક્રિપ્શન મળ્યું છે.

બજાજ હાઉસિંગ ફાઈનાન્સનો આઈપીઓ ગ્રે માર્કેટ પ્રીમિયમ આજે સબસ્ક્રિપ્શનના છેલ્લા દિવસે ઉછાળો જોવાયો હતો અને ઈસ્યુના ભરાવાના અંતિમ કલાકો દરમ્યાન ગ્રે બજારમાં પ્રીમિયમ ઉછળીને 100 ટકાને પાર નીકળી ગયું છે. આમ, તાજેતરમાં પ્રીમીયર એનર્જીમાં 100 ટકાથી વધુ પ્રીમિયમ બોલાયું હતું, બાદમાં આજે બજાજ હાઉસીંગ ફાઈ. 100 ટકાની ઉપર પ્રીમિંયમ બોલાઈ રહ્યું છે.

આ આઈપીઓમાં 3,560 કરોડ રૂપિયા સુધીના ઈક્વિટી શેરનો નવો ઈશ્યૂ અને પેરેન્ટ બજાજ ફાઈનાન્સ દ્વારા ઈક્વિટી શેરની ઓએફએસ 3000 કરોડ રૂપિયા છે. શેરનું વેચાણ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) ના નિયમોનું પાલન કરવા માટે હાથ ધરવામાં આવી રહ્યું છે, જેમાં સપ્ટેમ્બર 2025 સુધીમાં ઉપલા સ્તરની નોન-બેંકિંગ ફાઈનાન્સ કંપનીઓને સ્ટોક એક્સચેંજમાં સૂચિબદ્ધ કરવાની જરૂર છે. નવા ઈસ્યુમાંથી થતી આવકનો ઉપયોગ ભવિષ્યની મૂડી આવશ્યકતાઓને પહોંચી વળવા માટે કંપનીના મૂડી આધારને વધારવા માટે કરવામાં આવશે.

તહેવારી સિઝન પૂર્વે સેમસંગ ઈન્ડિયાએ 200થી વધુ કર્મચારીઓની છટણી કરી

નવી દિલ્હી, તા. 11: મોબાઈલ, ટીવી, ફ્રિજ અને વોશિંગ મશીન બનાવતી કંપનીને તહેવારોની સીઝન પહેલા જ છૂટા કરી દેવામાં આવે તેવી માહિતી મળી રહી છે. રિપોર્ટ્સ અનુસાર, લગભગ 200 લોકોએ સેમસંગ ઈલેક્ટ્રોનિક્સને છોડી દીધું છે. કંપની ભારતમાં 200થી વધુ કર્મચારીઓને બરતરફ કરી રહી છે. અહેવાલોમાં સૂત્રોને ટાંકીને દાવો કરવામાં આવ્યો છે કે દેશમાં કંપનીનો બિઝનેસ ગ્રોથ ધીમો પડી રહ્યો છે. માંગમાં ઘટાડો થવાને કારણે કંપનીના વેચાણ પર અસર પડી છે. આથી જ કંપનીએ છટણીનો નિર્ણય લેવો પડ્યો છે.

રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે આ છટણી મોબાઈલ ફોન, કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ, હોમ એપ્લાયન્સીસ અને આનુષંગિક કાર્યો સાથે સંબંધિત વ્યવસાયોમાં હશે. એવું અનુમાન છે કે કુલ વ્યવસ્થાપકીય કાર્યબળના લગભગ 9થી 10 ટકાની છટણી થશે. જે કર્મચારીઓને છૂટા કરવામાં આવી રહ્યા છે તેમને તેમના રોજગાર કરાર મુજબ ત્રણ મહિનાનો પગાર અને સેવાના દરેક વર્ષ માટે એક મહિનાનો પગાર આપવામાં આવી રહ્યો છે, એમ અહેવાલમાં જણાવાયું હતું.

એક હરીફ હોમ એપ્લાયન્સ કંપનીના સીઈઓએ જણાવ્યું હતું કે, તેમને સેમસંગ ઈન્ડિયાના અધિકારીઓ તરફથી નોકરી અને રેઝ્યૂમે માટે કોલ આવ્યા છે. જેમને બરતરફ કરવામાં આવ્યા છે તેમાં વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે, જેઓ ખૂબ ઓછા પગારે પણ અમારી સાથે જોડાવા તૈયાર છે.છટણીના સમાચાર એવા સમયે આવ્યા છે જ્યારે સેમસંગના ચેન્નઈ પ્લાન્ટમાં કામ કરતા કર્મચારીઓ સતત ત્રીજા દિવસે અચોક્કસ મુદતની હડતાલ પર છે. જેના કારણે તહેવારોની સિઝન પહેલા ટેલિવિઝન, રેફ્રિજરેટર અને વોશિંગ મશીનના ઉત્પાદન પર અસર પડી છે. સમાચાર એજન્સી રોયટર્સના રિપોર્ટ અનુસાર કંપની પોતાની ક્ષમતાના લગભગ 50-80 ટકા સાથે આ પ્લાન્ટને ચલાવવાની કોશિશ કરી રહી છે.

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રકુલ/સાલાસર/કેપલોન	રૂ.				
૩૦/૨૪ બ્રાઇટ	૨૯૬	૭૫/૩૬ ''	૧૨૧	-----	---
૩૦/૩૬ એફડી	૩૦૨	૫૦/૪૮ ''	૧૨૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૨
લોકલ		૫૦/૪૮ SD/કેપ	૧૭૧	**ગાર્ડન**	
૬૨/૩૬ ક્રિમ્પ	૧૩૩	**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૨૯
૬૮/૩૬	૧૩૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ	૧૮૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૨૮	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૨૬
૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૨	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૨૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૨૨	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૨૩
૩૦/૧૪ ક્રિમ્પ	૧૮૦	૮૦/૭૨ રોટો	૧૩૦.૨૫	૭૫ ક્રિમ્પ	૧૨૨
૮૦/૭૨ રોટો.	૧૨૭	૮૦/૭૨ ફોલ્ડર	૧૪૧.૫	૮૦ ક્રિમ્પ	૧૨૩
૮૦/૩૬ રોટો.	૧૨૮	૧૬૦ ડીસ્કેટ	૧૪૧.૫	૮૦/૭૨ રોટો	૧૨૮.૫
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૧	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
		૮૦/૧૦૮ ''	૧૨૯	૩૦/૩૬ એફડી	---

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૮૦૦	કોપરેલ	૩૩૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૬૦૦	વનસ્પતિ ઘી	૧૮૯૦
સીંગતેલ (૫ લી)	૮૮૦	સનફ્લાવર	૧૭૦૦
કપાસીયા (૧૫ કિ.)	૧૯૩૦	તલતેલ	૬૨૦૦
કપાસીયા (૧૫ લિ.)	૧૮૦૦	દિવેલ	૨૨૮૦
કપાસીયા (૫ લિ.)	૬૭૦	મકાઇ તેલ	૧૯૮૦
સરસીયું તેલ	૨૩૭૦		

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૭૩૯૩૦
તેજાબી સોનું	૭૩૮૪૦
દાગીના-૨૨ કેરેટ	૭૦૨૩૪
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૭૨૪૫૦
સોનાનાં બિસ્કીટ	૭૩૯૩૦૦
ચાંદી (૯૯૯)	૮૫૦૭૦
ચાંદી સિક્કા	૮૬૫૭૦

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૨૦૦
એમ-૩૦	૪૧૫૦
એસ-૩૦	૪૦૫૦
ગુજરાત	
એમ-૩૦	૪૦૫૦
એસ-૩૦	૪૯૫૦

યુબીએસના રિપોર્ટ બાદ તાતા મોટર્સ પાંચ ટકાથી વધુ તૂટયો

શેરબજાર લાલ નિશાનમાં, છતાં 300 કંપનીઓએ બાવન વીકની નવી ઉંચાઇ સર કરી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 11: અમેરિકાના ફુગાવાના ડેટા અને ફેડરલ રિઝર્વે નાણાકીય નીતિને સરળ બનાવવામાં વિલંબ કર્યો હોવાની ચિંતાના પગલે આજે વૈશ્વિક ઘટાડાની પાછળ ભારતીય શેરબજારો પણ શરૂઆતી સુધારાનું ધોવાણ થઇ ગયું હતું અને અડધા ટકા જેટલો ઘટાડો જોવાયો હતો. બીજી તરફ, બેન્ક ઓફ જાપાને વ્યાજદર વધારવાના સંકેત આપ્યા બાદ યેન મજબૂત થયો હતો. યુએસ ફુગાવાના ડેટા અને આવતા અઠવાડિયે ફેડની બેઠક પુર્વે ક્રુડ ઓઇલ 70 ડોલરની નીચે ગબડ્યું હતું અને ટ્રેઝરી યીલ્ડમાં ઘટાડો થયો હતો. ફેડ આવતા અઠવાડિયે આક્રમક રીતે દરોમાં ઘટાડો કશે અથવા ધીમી જોબ માર્કેટ વચ્ચે ધીમે ધીમે અભિગમ અપનાવશે. જે સીપીઆઈના ડેટા અપેક્ષાને આકાર આપે તેવી સંભાવના પ્રર્વતી રહી છે.

ભારતીય શેરબજારમાં આજે શરૂઆતી પોઝિટિવ વલણ મિડ સેસન બાદ વૈશ્વિક સંકેતોની પાછળ વેચવાલીએ લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. આમ છતાં, આઇટીસી, એચયુએલ તથા સન ફાર્મા સહિત 300 શેરોએ બાવન વીકની નવી ઉંચાઇ હાંસલ કરવામાં સફળ રહ્યા હતા. અન્ય શેરોમાં બજાજ ઓટો, બ્રિટાનીયા, ડાબર, ડીવીસ લેબ, ડી માર્ટ, ગોદરેજ કન્ઝયુમર, પરસીસ્ટન્ટ સીસ્ટમ્સ, નોકરી, પીઆઇ ઇન્ડ. ઝોમેટો અને યુનાઇટેડ સ્પીરીટનો પણ સમાવેશ થાય છે.

યુબીએસના રિપોર્ટ બાદ તાતા મોટર્સના શેરની કિંમતમાં પાંચ ટકાથી વધુનો કડાકો બોલાયો હતો. આ રિપોર્ટમાં ટાર્ગેટ પ્રાઇઝ ઘટાડી દેવામાં આવી છે, તેની સીધી અસર જોવા મળી હતી. બીજી તરફ, તાતા મોટર્સ દ્વારા સ્ટોક હળવો કરવા માટે ફેસ્ટીવલ ઓફર સેલ ચાલુ કરવામાં આવ્યું છે, જેમાં મોટા ભાગના મોડલમાં ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવી રહી છે, જેની પણ નેગેટિવ અસર પડી હતી.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. 463.50 લાખ કરોડથી ઘટીને રૂ. 461 લાખ કરોડ પર પહોંચી ગયું છે. આમ, એક દિવસમાં રૂ. 2.5 લાખ કરોડનું ધોવાણ થયું હતું.

બીએસઇ સેન્સેક્સ 398.13 પોઇનમ્ટ એટલે કે 0.49 ટકા તૂટીને 81523.16 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 82000 પોઇન્ટની સપાટી કુદાવીને 82135 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 81423 પોઇન્ટ ઘટ્યો હતો. નિફ્ટી 122.65 પોઇન્ટ એટલે કે 0.49 ટકા ઘટીને 25000 પોઇન્ટની સપાટી તોડીને 24918.45 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 25114 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24885 પોઇન્ટ સુધી તુટી હતી. બેન્ક નિફ્ટીની વીકલી એક્સપાયરી વચ્ચે સુધર્યો હતો, પરંતુ છેલ્લે વેચવાલીના દબાણે 262.30 પોઇન્ટ એટલે કે 0.51 ટકા ઘટીને 51010 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે બેન્ક નિફ્ટી 51000 પોઇન્ટની સપાટી જાળવી રાખવામાં સફળ રહી હતી.

બીએસઇ ખાતે શોપર્સ સ્ટોપ 9.71 ગણા, સેન્ચુરી ટેક્સટાઇલ્સ 4.48 ગણા, પ્રીઝમ જહોન્સન 3.8 ગણા, એલ્જી ઇકવીપમેન્ટ 2.09 ગણા, અતુલ લિ. 2 ગણા કામકાજ નોંધાયા હતા. એનએસઇ ખાતે પ્રીઝમ જહોન્સન 11.11 ગણા, સેન્ચુરી ટેક્સટાઇલ્સમાં 6.85 ગણા, જેએસડબલ્યુ ઇન્ફ્રામાં 5.55 ગણા, બોરોસીલ રીન્યુએબલમાં 5.32 ગણા અને જ્યોથિ લેબ્સમાં 5.16 ગણા કામકાજ નોંધાયા છે.

એનએસઇ એસએમઇ નમો ઇવેસ્ટ મેનેજમેન્ટમાં 90 ટકા પ્રીમિયમ સાથે રૂ. 161.50ના સ્તરે લિસ્ટીંગ થયું હતું. કંપનીએ રૂ. 85ના ભાવે ઓફર કર્યો હતો. કંપનીનો આઇપીઓ 150.11 ગણો છલકાયો હતો.

બ્રોડર માર્કેટમાં લાર્જકેપની સાથે સાથે બ્રોડર માર્કેટમાં પણ વેચવાલી જોવા મળી હતી. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.52 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.57 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ 1619 શેરો વધ્યા હતા, જ્યારે 2345 શેરો ઘટયા હતા અને 107 શેરો યથાવત રહ્યા હતા.

ક્રુડ ઓઇલના ભાવોમાં કડાકો બોલાતા ઓઇલ એન્ડ ગેસ શેરોમાં નરમાઇ રહી હતી. એનએસઇ ઓઇલ એન્ડ ગેસ ઇન્ડેક્સ 1.92 ટકા તૂટયો હત. જે છેલ્લા સાત સેસનમાં 6.80 ટકા તૂટયો છે.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ ફ્યુચર લાલ નિશાનમાં હોવાથી આજે અમેરિકન બજારો લાલ નિશાનમાં ખુલવાના સંકેત આપી રહ્યા છે. મોટા ભાગના યુરોપિયન શેરો સુધર્યા હતા. રોકાણકારો દિવસના અંતે યુએસ ફુગાવાના ડેટા જાહેર થવાની રાહ જોઇ રહ્યા છે. જાપાનના વ્યાજદર વધારવાના અહેવાલથી જાપાનનો નીક્કી નબળો રહેતા એશિયન બજારો નીચા બંધ રહ્યા હતા. જાપાનનો નીક્કી સતત આઠમા દિવસે નેગેટિવ બંધ રહ્યો હતો.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.22 ટકા, કેક 0.38 ટકા અને ડેક્સ 0.48 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.51 ટકા, હેંગસેંગ 0.73 ટકા, તાઇવાન 0.16 ટકા, કોસ્પી 0.40 ટકા, જકાર્તા 0.01 ટકા અને શાંઘાઇ 0.82 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે સ્ટ્રેઇટસ 0.52 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	-398.13	81523.16
નિફ્ટી	-122.65	24918.45
બેન્ક નિફ્ટી	-262.30	51010.00

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બજાજ ઓટો	3.94	11420.75
એશિયન પેઇન્ટસ	2.20	3367.45
બજાજ ફાઇનાન્સ	1.43	7345.55
બ્રિટાનીયા	0.65	6008.65
શ્રીરામ ફાઇનાન્સ	0.61	3279.90

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
તાતા મોટર્સ	5.74	976.30
ઓએનજીસી	3.48	285.30
વિપ્રો	2.17	514.35
એસબીઆઇ	1.80	768.60
હિન્દાલ્કો	1.79	647.70

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એશિયન પેઇન્ટસ	2.18	3366.15
બજાજ ફાઇનાન્સ	1.57	7353.75
એચયુએલ	0.58	2915.20
સન ફાર્મા	0.52	1846.45
બજાજ ફિનસર્વ	0.41	1832.70

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
તાતા મોટર્સ	5.74	976.00
વિપ્રો	2.10	514.55
એસબીઆઇ	1.83	768.30
એનટીપીસી	1.76	389.70
લાર્સન-ટુબ્રો	1.51	3541.25

કેન્યાના એરપોર્ટ પર અદાણી જૂથ સાથેના સોદાના વિરોધમાં પ્રદર્શન કરાયા

વિમાનોએ ઉડાન ન ભરતા એરપોર્ટ પર સેંકડો મુસાફરો ફસાયા

નૈરોબી, તા. 11 (એપી): કેન્યાના મુખ્ય આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સેંકડો કામદારોએ બુધવારે સરકાર અને ભારતના અદાણી જૂથ વચ્ચેના આયોજિત સોદા વિરુદ્ધ પ્રદર્શન કર્યા હતા. વિમાનોએ ઉડાન ન ભરતા એરપોર્ટ પર સેંકડો મુસાફરો ફસાયેલા રહ્યા હતા. સરકારે કહ્યું છે કે અદાણી ગ્રુપ સાથેના બિલ્ડ-એન્ડ-ઓપરેટ કરારમાં 30 વર્ષ સુધી જોમો કેન્યાટ્ટા ઈન્ટરનેશનલ એરપોર્ટનું સંચાલન કરી રહેલા જૂથના

બદલામાં એરપોર્ટનું આધુનિકીકરણ કરવામાં આવશે અને વધારાના રનવે અને ટર્મિનલનું નિર્માણ કરવામાં આવશે. કેન્યા એરપોર્ટ વર્કર્સ યુનિયને હડતાલની ઘોષણા કરતાં, જણાવ્યું હતું કે આ સોદાના પગલે કેટલાંક લોકો નોકરી ગુમાવશે અને જેઓ રહેશે તેમના માટે 'નિમ્ન કક્ષાના નિયમો અને નોકરીની શરતો' તરફ દોરી જશે. કેન્યા એરવેઝે બુધવારે જાહેરાત કરી હતી કે નૈરોબીમાં સેવા આપતા એરપોર્ટ પર ચાલુ હડતાલને કારણે કેટલીક ફ્લાઈટમાં વિલંબ થશે અને સંભવિત રદ થશે. હડતાલને કારણે બંદર શહેર મોમ્બાસા અને કિસુમુના શહેરથી આવતી સ્થાનિક ફ્લાઈટ્સ પર અસર પડી છે, જ્યાં સ્થાનિક મીડિયા દ્વારા વિલંબની જાણ કરવામાં આવી હતી.

ઈડીએ રૂ. 29.75 કરોડની નીરવ મોદીની મિલકતો ટાંચમાં લીધી હતી

બેંક ડિપોઝિટ, જમીન અને ઈમારતોના રૂપમાં રહેલી આ સંપત્તિઓને જપ્ત કરવા આવી

નવી દિલ્હી, તા. 11 (પીટીઆઈ): એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે બુધવારે જણાવ્યું હતું કે તેણે મની લોન્ડરિંગ વિરોધી કાયદા હેઠળ ભાગેડુ હીરા વેપારી નીરવ મોદીની રૂ. 29.75 કરોડની નવી મિલકત જપ્ત કરી છે.

બેંક ડિપોઝિટ, જમીન અને ઈમારતોના રૂપમાં રહેલી આ સંપત્તિઓને જપ્ત કરવા માટે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ કામચલાઉ આદેશ જારી કરવામાં આવ્યો છે, એમ તેણે એક નિવેદનમાં જણાવ્યું હતું.

પંજાબ નેશનલ બેંક સાથે કથિત 2 બિલિયન ડોલરની છેતરપિંડી મામલે મોદીની છેલ્લા પાંચ વર્ષથી તપાસ કરી રહેલી એજન્સીએ ભૂતકાળમાં ભારત અને વિદેશમાં રૂ. 2,596 કરોડની મિલકત જપ્ત કરી હતી.

53 વર્ષીય મોદી, હાલમાં ઈંગ્લેન્ડની જેલમાં બંધ છે અને આ કથિત બેંક લોન છેતરપિંડી કેસના સંબંધમાં ભારત તેની પ્રત્યાર્પણની અરજી ગુમાવી દીધી છે, જેની તપાસ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન દ્વારા પણ કરવામાં આવી રહી છે.

મોદી અને તેના કાકા મેહુલ ચોક્સી, આ કેસના બંને મુખ્ય આરોપીઓ અને અન્યો સાથે ઈડી દ્વારા બેંક અધિકારીઓ સાથે મળીને કથિત રીતે છેતરપિંડી કરવા અને બ્રેડી ખાતે કપટપૂર્ણ લેટર્સ ઓફ અંડરટેકિંગ (મેળવવા માટે) જારી કરવા બદલ મની લોન્ડરિંગના આરોપમાં તપાસ કરવામાં આવી રહી છે.

સુડોકુ ૬૦૧૩ - 'ક્રૂટિ'

			૯				૭	
૫			૪	૭		૯		
૯				૨			૮	
૨	૩		૮		૭	૬		
૧		૪	૩	૫			૯	૭
			૬	૧	૪		૫	૨
		૨		૮		૧		
૬	૭		૧			૨	૪	
				૪	૬		૩	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૩	૬	૭	૩	૨	૬	૬	૫	૨
૨	૨	૬	૫	૬	૩	૭	૩	
૫	૩	૬	૭	૨	૭	૬	૨	૬
૬	૭	૨	૬	૭	૩	૬	૬	૩
૭	૩	૨	૬	૫	૬	૩	૬	૫
૨	૫	૩	૭	૩	૨	૫	૩	૬
૩	૨	૨	૬	૬	૫	૭	૬	૩
૬	૭	૫	૫	૬	૨	૩	૨	૭
૬	૭	૫	૨	૩	૬	૬	૩	૨

૬૧૦૩-૭૬૬૭ ક્રિસ્ટિ

શબ્દગુંફન - ૬૭૬૫

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. શિવપાર્વતીના મોટા પુત્ર (૪)
૩. વલોપાત, સળવળાટ(૫)
૫. તજી દીધેલું, વગરનું (૨)
૬. અસલથી ચાલ્યું આવતું (૪)
૯. દુઃખની કહાણી (૫)
૧૦. ખપ, જરૂર (૩)
૧૨. કઠણ (૩)
૧૪.ધાતુ ખખડવાનો અવાજ (૪)
૧૭. આંખ, લોચન (૩)
૧૯. લીન, ડૂબેલું (૨)
૨૦. વિદાયગીરી (૪)
૨૧. ભાર, દબાણ (૩)
૨૨. એક તેલી બી (૨)
૨૪. યુક્તિ, આંટો (૨)
૨૫. ચાલાક, હોશિયાર (૩)
૨૬. ગાનારો, ગવૈયો (૩)
૨૭. લેખ, દસ્તાવેજ(૨)
૨૮. શારીરિક ઇજા, ઘા (૩)
૨૯. રોપેલું (૩)

ઊભી ચાવી

૧. મળેલી જમીન કે રકમ (૩)
૨. પાછું (૩)
૩. સિંહ (૪)
૪. વશ કરવાનો મંત્ર (૫)
૭. સરદાર, આગેવાન (૩)
૮. પર્વત (૨)
૧૧. દાંત (૩)
૧૨. પરચુરણ (૬)
૧૩. ગૂંગળાવું તે (૩)
૧૪. ક્રિકેટની રમતમાં દોડીને લેવાય (૨)
૧૫. કાર્ય, વરો (૩)
૧૬. એક વનસ્પતિ (૫)
૧૮. જૈન સાધુ (૨)
૨૧.લાગ, કીનો, ગાંઠ (૨)
૨૩. અંકુશ (૩)
૨૪. વેચાણનું નાણું (૩)
૨૭. લેખ, દસ્તાવેજ (૨)



૫૩૭૩ - ૫૬૬૭ ક્રિસ્ટિઆઇ

આજનું પંચાંગ

તા. 12/09/2024, ગુરુવાર

વિક્રમ સંવત : 2080 **શાકે :** 1946
વીર સંવત : 2550 **માસ :** ભાદરવો
તિથિ: સુદ: નોમ:23:33, શ્રી હરિ જયંતી
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : ભાદરવો:21
નક્ષત્ર : મૂળ :- 21:53 સુધી જન્મેલાની મૂળની શાંતિ કરાવવી
યોગ: આયુષ્યમાન **કરણ :** બાવલ
રાશિ : ધન (ભ,ધ,ફ,ઢ)
દિવસ : અશુભ, ગૌરીવિસર્જન:21:53 સુધી, અદુઃખ નવમી, ભાગવત સપ્તાહારંભ
સુરતમાં સૂર્યોદય : 06:26 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:44
નવકારસી : 07:14
પારસી વર્ષ : 1394, ફરવરદિન માસનો 29મો રોજ
મુસલમાન વર્ષ : 1446, રબિઉલઅવલ માસનો 08 મો રોજ
દિવસનાં ચોઘડિયાં: શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
રાત્રિનાં ચોઘડિયાં: અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
રાહુ કાળ : બપોરે 13:30 થી 15:00 સુધી

મેષ (અ.લ.ઇ.): ઉચ્ચ કક્ષાના લોકોની મુલાકાત થાય. કાયદા બાબતે મદદ મળે. વિદેશમાં વિદ્યાભ્યાસનાં કામ થાય.

વૃષભ (બ.વ.ઉ.): લાભ અને ઉઘરાણીના અવસરનો અનુભવ થાય. ધાર્મિક પ્રવાસ થાય. સરકારી કામમાં મદદ.

મિથુન (ક.છ.ઘ.): કોર્ટ, કચેરી તથા રોજગારને લગતાં કામ થાય. વિવાહલાયકના વિવાહની વાત આગળ વધે.

કર્ક (ડ.હ.): નોકરીમાં નવી તક મળે. વાહન ધીમે હાંકવું તથા બેંકના કામમાં સાવધાન રહેવું. ખર્ચા વધશે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ.ટ.): સામાજિક પ્રતિષ્ઠા વધે. નવા ઘરનાં કામ થાય. અચાનક બહારનાં કામની અનુકૂળતા થાય.

કન્યા (પ.ઠ.ણ.): નોકરીમાં તમારી વહીવટી કુશળતાની કદર થાય. નવા કામમાં મદદ મળે. પ્રવાસ થાય.

તુલા (ર.ત.): ખાણી-પીણીના ધંધામાં આર્થિક લાભ થાય. કુટુંબ-પરિવારમાં ઉત્સાહજનક વાતાવરણ રહે.

વૃશ્ચિક (ન.ય.): પડવા-વાગવા અને વાણી-વિલાસ બાબતે સભાન રહેવું. અચાનક સફળતા મળશે.

ધન (ભ.ધ.ફ.ઢ.): આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. નવા નોકરી-ધંધાનું આયોજન પાર પડશે.

મકર (ખ.જ.): ગુપ્ત શત્રુ અને ભય સતાવે. સંતાનોના કામની ચિંતા રહે. ખર્ચા વધશે.

કુંભ (ગ.સ.શ.ષ.): મિત્રો સાથે મનોરંજન થાય. આવક-વધારવાની યોજના પાર પડશે.

મીન (દ.ચ.ઝ.થ.): નોકરીમાં નવી જવાબદારીથી માન વધશે. સમાજમાં પ્રગતિથી શાંતિ મળે.

કો